GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
(Accredited with A+ Grade by NAAC)
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

**Ref: GTU/Affi/Circular/RO-26** **Date: 23/05/2026**

**Circular**

**Subject:** Observation of "No Vehicle Day" and Promotion of Energy Saving Initiatives
**Read:** An email of Office of the Secretary to Hon'ble Governorshri of Gujarat dated 22/05/2026

In view of the appeal made by the Hon'ble Governor of Gujarat to promote environmental protection, fuel conservation, and sustainable practices (referred above), all affiliated institutions of the University are hereby instructed to observe **"No Vehicle Day"** on **every Monday** and undertake energy saving initiatives within their campuses.

Institutions are encouraged to motivate students, teaching staff, and non-teaching staff to minimize the use of private vehicles and to prefer public transport, carpooling, cycling, or walking wherever feasible.

Further, all institutes are requested to regularly submit monthly reports regarding the activities conducted by the institute in this regard.

**Registrar**
**Gujarat Technological University**

***Attachment:*** Letter of Office of the Secretary to Hon'ble Governorshri of Gujarat

**Copy to:**
All Principals/Directors of GTU Affiliated institutes for information and necessary action



Head Office : GTU Campus, Nr. Visat Three Road, Visat-Gandhinagar Road, Chandkheda, Ahmedabad-382424. Gujarat, India.
Ph : +91 079-23267521/570 e-mail : info@gtu.ac.in Website : www.gtu.ac.in

No: GS/PS/4028/2026

सत्यमेव जयते

# રાજ્યપાલશ્રીનું સચિવાલય

રાજ્યપાલશ્રીના સચિવશ્રીની કચેરી
લોકભવન, ગાંધીનગર-૩૮૨ ૦૨૧ (ગુજરાત)
(ટેલીફોન નં.:(૦૭૯)૨૩૨ ૪૩૧૭૧,૨૩૨ ૪૩૧૭૨,૨૩૨ ૪૩૧૭૩, ફેક્સ નં.:૨૩૨ ૩૧૧૨૧)

02 MAY 2026

પ્રતિ

કુલપતિશ્રી
(તમામ વિશ્વવિદ્યાલય)

**વિષય: માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત.**

મહોદયશ્રી

આપને સુવિદિત છે તેમ તાજેતરમાં ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ મોંઘું હુંડિયામણ ચૂકવીને વિદેશથી આયાત થતા પેટ્રોલ અને ડિઝલને લીધે દેશના અર્થતંત્ર પર થતી અવળી અસર નિવારવા ઇંધણ વપરાશનાં કરકસરનાં પગલાં લેવા અપીલ કરી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલનું સન્માન કરીને ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી દેવવ્રતજીએ જાતે કેટલાક સંકલ્પો લીધા છે; જેમ કે પ્રવાસોમાં વિમાન/હેલિકોપ્ટરને બદલે જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવો, માનનીય રાજ્યપાલશ્રીની કારકેડમાંથી નવ જેટલા વાહનો હટાવીને માત્ર ત્રણ જ વાહનોનો કાફલો રાખવો વગેરે. આ ઉપરાંત લોકભવનના તમામ કર્મયોગીઓ અઠવાડિયે એક દિવસ પગપાળા, સાઇકલ કે જાહેર વાહન વ્યવહાર દ્વારા કચેરીએ આવજા કરશે, તેવો નિર્ધાર કરવામાં આવેલ છે.

માનનીય રાજ્યપાલશ્રીની ઇચ્છા છે કે રાજ્યની તમામ યુનિવર્સિટિઓમાં પણ ઇંધણ બચત અંગે વિવિધ પગલાં લેવામાં આવે, જેનાથી આપણા યુવાઓમાં રાષ્ટ્રભાવના અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ જશે. તે માટે આપના હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપક ગણ સહિત તમામ જ્ઞાનયોગી સાઇકલ કે પગપાળા આવવા અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગ માટે સંકલ્પ લે અને અઠવાડિયાનો એક દિવસ 'નો મોટર વ્હિકલ ડે' તરિકે નિષ્ઠાપૂર્વક પાળવામાં આવે. તદ્ઉપરાંત, વાહનોના સહિયારા ઉપયોગ (કાર પૂલિંગ) અને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા મિટિંગોનું આયોજન કરીને પણ ઇંધણ બચત કરી શકાય. આ સંદર્ભમાં અધ્યાપકો અને શિક્ષકો માટે આપનું માર્ગદર્શન અને સકારાત્મક પહેલ

માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને સાર્થક કરવામાં ખૂબ અગત્યની બની રહેશે. આપના વિશ્વવિદ્યાલયે લીધેલાં પગલાંની જાહેર માધ્યમો અને સોશ્યલ મિડિયામાં પ્રસિદ્ધિ આપીને આ રાષ્ટ્રીય સેવાને વધુ લોકગમ્ય બનાવી શકાય.

માનનીય રાજ્યપાલશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે ઉપરોક્ત બાબતે આપની કક્ષાએ સતત મોનિટરિંગ કરવા અને આપે લીધેલાં પગલાં અને તેના લીધે બચેલ ઇંધણનો માસિક અહેવાલ અત્રે મોકલી આપવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,

(અશોક શર્મા) IAS

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવ